## આઈઆઈએમએ પ્રોફેસર દ્વારા 'ધ ગ્લાસ સીલિંગ – એનએસઈ 200 કંપનીઓમાં લીડરશિપ જેન્ડર બેલેન્સ' શીર્ષક ધરાવતા સંશોધન અહેવાલની રજૂઆત

*~આ અભ્યાસ ટોચના સંચાલન અને નેતૃત્વના હોદ્દાઓ પર મહિલાઓની હાજરી અને વળતર પર ધ્યાન કેન્દ્રિત કરે છે*

*~ઉદ્યોગના દિગ્ગજ કે.વી. કામથ, ઇન્દ્રા નૂયી અને અરુણ દુગ્ગલ દ્વારા તેમના મંતવ્યો અને ભલામણો*

**10 ફેબ્રુઆરી, 2022:** અગ્રણી વૈશ્વિક મેનેજમેન્ટ સંસ્થા, ભારતીય પ્રબંધ સંસ્થાન અમદાવાદ (આઈઆઈએમએ)એ તેનાં પ્રોફેસર પ્રોમિલા અગ્રવાલ, એસોસિયેટ પ્રોફેસર, હ્યુમન રિસોર્સ મેનેજમેન્ટ, આઈઆઈએમએ, દ્વારા હાથ ધરવામાં આવેલા 'ધ ગ્લાસ સીલિંગ: રિસર્ચ રિપોર્ટ ઓન લીડરશિપ જેન્ડર બેલેન્સ ઇન એનએસઈ 200 કંપનીઝ' શીર્ષકવાળા અભ્યાસમાંથી તારણો રજૂ કરવા માટે એક કાર્યક્રમનું આયોજન કર્યું હતું.

આઇઆઇએમએનાં ડાયરેક્ટર પ્રોફેસર એરોલ ડીસોઝાના ઉદ્ઘાટન નોંધ સાથે કાર્યક્રમની શરૂઆત થઈ. પ્રોફેસર પ્રોમિલા અગ્રવાલે ત્યારબાદ ભારતમાં એનએલઈ 200 કંપનીઓમાં લિંગ/જાતિ સંતુલન પરના અભ્યાસની હાઈલાઈટ્સ રજૂ કરી. આ કાર્યક્રમમાં બ્રિક્સ દેશોની ન્યૂ ડેવલપમેન્ટ બેંકના ભૂતપૂર્વ ચીફ શ્રી કે.વી. કામથ અને પેપ્સિકોનાં ભૂતપૂર્વ ચેરપર્સન અને ચીફ એક્ઝિક્યુટિવ ઑફિસર સુશ્રી ઇન્દ્રા નૂયી જેવા દિગ્ગજો હાજર હતા જેમણે તેમના મંતવ્યો અને ભલામણો પ્રસ્તુત કર્યા હતાં. આઈસીઆરએના અધ્યક્ષ શ્રી અરુણ દુગ્ગલે આ જાતિ સંતુલન સુધારવા માટે કેટલીક ભલામણો રજૂ કરી. આ કાર્યક્રમનું જીવંત પ્રસારણ https://www.youtube.com/c/IIMA-OFFICIAL/videos માં કરવામાં આવ્યું હતું .

આ અભ્યાસ ભારતીય કંપનીઓમાં ટોચના મેનેજમેન્ટ અને વરિષ્ઠ અધિકારીઓ વચ્ચે લિંગ સંતુલન સુધારવા તેમજ વરિષ્ઠ મેનેજમેન્ટમાં મહિલાઓની કારકિર્દીની પ્રગતિને વેગ આપવા માટે મદદ કરવાના બે મુખ્ય ઉદ્દેશ્યો સાથે હાથ ધરવામાં આવ્યો છે. ઉદ્યોગ દ્વારા મહિલાઓની નેતૃત્વ ક્ષમતાને વધુ ઊંડાણપૂર્વક ધ્યાનમાં લેવાની જરૂરિયાત પર બોલતાં, **પ્રોફેસર પ્રોમિલા અગ્રવાલે** તેમના અહેવાલમાંથી નીચેનાં તારણો રજૂ કર્યાં, જે 109 એનએસઈ 200 કંપનીઓના ડેટા સાથે મૂકવામાં આવ્યા છે અને તેમાં 4146 જેટલા વરિષ્ઠ કાર્યપાલક અધિકારીઓ સામેલ છે.

- સ્ત્રીઓ તેમની કારકિર્દીમાં જેમ-જેમ આગળ વધે છે તેમ-તેમ લિંગ વેતનનું અંતર વિસ્તરતું જાય છે. જવાબદારીવાળા પદો તરફ આગળ વધતું દરેક કદમ મહિલાઓ માટે પગારમાં તફાવત વધારે છે
- ટોચના મેનેજમેન્ટ અને સિનિયર એક્ઝિક્યુટિવ હોદ્દા પર મહિલાઓની ટકાવારી બોર્ડ ઑફ ડિરેક્ટર્સમાં મહિલાઓની ટકાવારી કરતાં નોંધપાત્ર રીતે ઓછી છે.

• સરેરાશ રીતે, મહિલા વરિષ્ઠ એક્ઝિક્યુટિવ્સ પુરૂષ વરિષ્ઠ એક્ઝિક્યુટિવ્સની પ્રત્યેક કમાણીના 100 રૂપિયા સામે 85 રૂપિયા કમાય છે

• મહિલા વરિષ્ઠ અધિકારીઓને ચૂકવવામાં આવેલું સરેરાશ વળતર 1.91 કરોડ રૂપિયા છે અને પુરૂષ વરિષ્ઠ અધિકારીઓને ચૂકવવામાં આવેલું સરેરાશ વળતર 2.24 કરોડ રૂપિયા છે

• મુખ્ય કંપનીઓ કે જેમાં ટોચની મેનેજમેન્ટ ભૂમિકાઓમાં વધારે મહિલાઓ છે તેમાં એચયુએલ, કોટક મહિન્દ્રા બેંક, એચડીએફસી બેંક, આઈસીઆઈસીઆઈ બેંક, એલએન્ડટી ઇન્ફોટેકનો સમાવેશ થાય છે.

• બોર્ડમાં મહિલાઓની ટકાવારીમાં વધારો થવાને કારણે હજુ સુધી ટોચના મેનેજમેન્ટ સ્તરે મહિલાઓની ટકાવારીમાં નોંધપાત્ર વધારો થયો નથી.

બ્રિક્સ દેશોની **ન્યૂ ડેવલપમેંટ બેંકના ભૂતપૂર્વ ચીફ શ્રી કે.વી. કામથે** મુખ્ય વક્તવ્ય આપતાં જણાવ્યું કે, "આમાં આંતરિક અને બાહ્ય પડકારો તો છે જ અને તે બે મુખ્ય બાબતોથી આવે છે - પૂર્વગ્રહ અને પુરૂષ ધારણાઓ અથવા પારિવારિક રૂઢિબદ્ધતા." તેમણે ઉમેર્યું હતું કે સંસ્થાઓ મેરિટ-આધારિત તકો, સંસ્થામાં મહિલાઓ ભજવી શકે તેવી ભૂમિકાઓ, સમાન વેતન, મેરિટ-આધારિત મૂલ્યાંકન વગેરેની આસપાસના પૂર્વગ્રહોને દૂર કરીને લિંગ સંતુલન હાંસલ કરી શકે છે.

આઈઆઈએમએના વિદ્યાર્થીઓ સાથે અનૌપચારિક વાતચીતમાં, **પેપ્સિકોના ભૂતપૂર્વ સીઈઓ, સુશ્રી ઈન્દ્રા નૂયીએ** જણાવ્યું હતું કે કંપનીઓ મહિલા અગ્રણીઓ પ્રત્યેના તેમના અભિગમ પર પુનર્વિચાર કરે તે મહત્વપૂર્ણ છે. મહિલાઓ પુરૂષોની સમકક્ષ રીતે કાર્ય કરે તે સુનિશ્ચિત કરવા માટે, કંપનીઓએ સમાન પગાર અભિગમ પર તમામ પ્રતિભાનું ચયન કરવું જોઈએ.

તેણીએ સૂચન કર્યું હતું કે સંસ્થાઓ પ્રણાલીથી શરૂ કરીને મહિલા અગ્રણીઓના નિર્ણાયક સમૂહને સ્થાપિત કરીને આ હાંસલ કરી શકે છે જે અન્ય મહિલાઓને ઉદાહરણ રૂપ બનાવી શકે અને પ્રેરણા આપી શકે. “બીજી સૌથી મહત્વની બાબત એ છે કે સત્તામાં રહેલા પુરુષો શિક્ષિત હોવા જોઈએ. સમાજમાં પુરુષોએ મહિલાઓ સાથે ભેદભાવ ન થાય તે માટે શિક્ષિત હોવું જોઈએ,” તેમણે ઉમેર્યું.

કાર્યસ્થળોમાં વધુ લૈંગિક સંતુલન હાંસલ કરવા માટે તેમની ભલામણો રજૂ કરતાં, શ્રી અરુણ દુગ્ગલે જણાવ્યું હતું કે લિંગ સંતુલન સુધારણા વિભિન્ન અને સરેરાશ મુજબનાં પગલાં દ્વારા પ્રાપ્ત કરી શકાય છે. કેટલીક ભલામણો હતી:

• વરિષ્ઠ વ્યવસ્થાપન કામગીરીના મૂલ્યાંકનને લિંગ સંતુલન સુધારણા સાથે જોડવા જેવા શાસનના ઉપાયો

• કંપનીના લક્ષ્યોના ભાગ રૂપે સ્પષ્ટ વિવિધતાયુક્ત લક્ષ્યો સ્થાપિત કરવા

• વિગતવાર વિવિધતા ક્રિયા યોજનાઓ જેમાં સમિતિઓની સ્થાપના, તાલીમ અને ભરતી પ્રક્રિયા દરમિયાન સંખ્યા વધારવાનો સમાવેશ થાય છે

આ કાર્યક્રમનું આયોજન અરુણ દુગ્ગલ ઈએસજી સંશોધન તથા નવપ્રવર્તન કેંદ્રના નેજા હેઠળ કરવામાં આવ્યું હતું, જેનું ઉદ્ઘાટન તાજેતરમાં સંસ્થા દ્વારા કરવામાં આવ્યું હતું.

**<u>આઈઆઈએમ અમદાવાદ વિશે:</u>**

ભારતીય પ્રબંધ સંસ્થાન અમદાવાદ (આઈઆઈએમએ) એ એક અગ્રણી, વૈશ્વિક પ્રબંધ સંસ્થાન છે જે પ્રબંધ શિક્ષણમાં શ્રેષ્ઠતાને પ્રોત્સાહન આપવામાં મોખરે રહી છે. તેના અસ્તિત્વના 60 વર્ષોમાં, તે તેના વિશિષ્ટ શિક્ષણ, ઉચ્ચ ગુણવત્તાવાળા સંશોધન, ભાવિ અગ્રણીઓઓને પોષવા, ઉદ્યોગ, સરકાર, સામાજિક સાહસને સમર્થન આપવા અને સમાજ પર પ્રગતિશીલ અસર બનાવીને તે દ્વારા શિષ્યવૃત્તિ, વ્યવહાર અને નીતિમાં અનુકરણીય યોગદાન માટે સર્વસ્વીકૃત છે.

આઈઆઈએમએની સ્થાપના 1961 માં સરકાર, ઉદ્યોગ અને આંતરરાષ્ટ્રીય શિક્ષણવિદો દ્વારા નવીન પહેલ તરીકે કરવામાં આવી હતી. ત્યારથી તેણે તેના વૈશ્વિક પદચિહ્નને મજબૂત બનાવ્યું છે અને આજે તેની પાસે 80થી વધુ ટોચની આંતરરાષ્ટ્રીય સંસ્થાઓનું નેટવર્ક છે અને દુબઈમાં પણ હવે મોજૂદ છે. તેના પ્રતિષ્ઠિત ફેકલ્ટી સભ્યો અને લગભગ 40,000થી વધુ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ કે જેઓ જીવનના તમામ ક્ષેત્રોમાં પ્રભાવશાળી હોદ્દા ધરાવે છે તેઓ પણ તેની વૈશ્વિક ઓળખમાં ફાળો આપે છે.

આટલાં વર્ષોમાં, આઈઆઈએમએ એ શૈક્ષણિક રીતે શ્રેષ્ઠ, બજાર સંચાલિત અને સામાજિક રીતે પ્રભાવશાળી કાર્યક્રમોથી વૈશ્વિક સ્તરે ઉચ્ચ પ્રતિષ્ઠા અને પ્રશંસા મેળવી છે. ઈક્વિસ તરફથી આંતરરાષ્ટ્રીય માન્યતા પ્રાપ્ત કરનાર તે પ્રથમ ભારતીય સંસ્થા બની. તેના પ્રખ્યાત બે-વર્ષીય અનુસ્નાતક પાઠ્યક્રમ (પીજીપી) એ એફટી માસ્ટર્સ ઇન મેનેજમેન્ટ રેન્કિંગ્સ 2020માં 20મું સ્થાન મેળવ્યું છે અને એક્ઝિક્યુટિવ્સ માટેના એક વર્ષના અનુસ્નાતક પાઠ્યક્રમ (પીજીપીએક્સ)ને એફટી ગ્લોબલ એમબીએ રેન્કિંગ-2021માં 48મું સ્થાન આપવામાં આવ્યું છે. આ સંસ્થાને ભારત સરકારના રાષ્ટ્રીય સંસ્થાગત રેંકિંગ ફ્રેમવર્ક (એનઆઈઆરએફ), ઈન્ડિયા રેન્કિંગ્સ 2020માં પણ પ્રથમ સ્થાન આપવામાં આવ્યું છે. આઈઆઈએમએ વૈવિધ્યસભર પ્રેક્ષકો માટે વૈવિધ્યપૂર્ણ, મિશ્રિત અને ઓપન એનરોલમેન્ટ ફોર્મેટમાં કાઉન્સેલિંગ સેવાઓ અને 200થી વધુ ક્યુરેટેડ એક્ઝિક્યુટિવ એજ્યુકેશન પ્રોગ્રામ પ્રસ્તુત કરે છે. આમાં વ્યવસાય લીડરો, નીતિ નિર્માતાઓ, ઉદ્યોગ વ્યાવસાયિકો, શિક્ષણવિદો, સરકારી અધિકારીઓ, સશસ્ત્ર સેનાદળોના કર્મચારીઓ, કૃષિ-વ્યવસાય અને અન્ય વિશિષ્ટ ક્ષેત્રના નિષ્ણાતો અને ઉદ્યોગસાહસિકોનો સમાવેશ થાય છે. આઈઆઈએમએ વિશે વધુ માહિતી માટે કૃપા કરીને આ લિંક પર ક્લિક કરો: https://www.iima.ac.in/

**મીડિયા સંબંધિત કોઈપણ પ્રશ્ન માટે ,કૃપા કરીને સંપર્ક કરો:**

સુશ્રી સોફિયા ક્રિસ્ટીના |gm-comm@iima.ac.in

સુશ્રી સુનિતા અરવિંદ |ઈમેઇલ :pr@iima.ac.in | +91-7069074816